# શહેર-જિલ્લામાં સતત બીજા દિવસે પણ કોરોનાના વધુ ૫ કેસ નોંધાયા

## ગાંધીનગર શહેરના સરગાસણમાં બે, સુઘડમાં એક અને સે. ૧ માં એક કેસ નોંધાયો : ગ્રામ્ય વિસ્તારમાં ગિફ્ટસીટીમાં કેસ નોંધાયો

ગાંધીનગર, તા. ૯

ગાંધીનગર શહેરમાં કોરોનાના વધુ ૪ તથા ગ્રામ્ય વિસ્તારમાં એક કેસ નોંધાયો છે. ગ્રામ્ય વિસ્તારમાં કલોલ શહેરમાં એક કેસ અમદાવાદ ગ્રામ્યનો મળી આવતાં દર્દીનો કેસ ગ્રામ્યમાં તબદીલ કરવામાં આવ્યો છે.

શહેર-જિલ્લામાં કોરોનાના કેસોએ ગતિ પકડી છે. ખાસ કરીને શહેરી વિસ્તારમાં કેસોની સંખ્યા ઝડપથી વધી રહી છે. જેને લઈ તંત્રની ચિંતા વધી છે.

ગાંધીનગર શહેર-જિલ્લામાં કોરોનાનું સંક્રમણ ઘટ્યા પછી લોકો જે રીતે બેફિકરા બન્યા છે તેને લઈ પણ તંત્રની ચિંતા વધી છે. શહેરમાં કેસો છુટા છવાયા સતત મળી રહ્યા છે અને છેલ્લા બે મહિનામાં ૧૩૫ થી વધુ કેસો મળ્યા છે. જોકે આ બે મહિનામાં હોસ્પિટલાઈઝેશન રેટ નહિવત જણાયો છે તેમજ કોરોનાના લક્ષણો પણ હળવા જણાયા હોવાથી તંત્રને રાહત જરૂર છે.

ગાંધીનગર શહેર-જિલ્લામાં આજે નોંધાયેલા પાંચેય દર્દીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે એક કેસ ગિફ્ટસીટી વિસ્તારમાં નોંધાયો છે. ગિફ્ટસીટીમાં મેનેજર તરીકે ફરજો બજાવતા આ દર્દીને તાવ અને અન્ય લક્ષણો જણાતાં ખાનગી લેબમાં ટેસ્ટ કરાવતાં તેનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. દર્દીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વિકાર્યો છે. આ ઉપરાંત કલોલમાં એક કેસ નોંધાયો છે. પણ આ દર્દી અમદાવાદ ગ્રામ્ય વિસ્તારનો રહીશ હોવાનું તપાસ દરમ્યાન જણાતાં આ કેસ અમદાવાદ ગ્રામ્યમાં તબદીલ કરાયો હોવાનું તંત્રના સૂત્રોમાંથી જાણવા મળેલ છે.

ગાંધીનગર શહેરમાં આજે ૪ કેસ નોંધાયા છે. જેમાં બે કેસ સરગાસણ, ૧ કેસ સુઘડ અને એક કેસ સે. ૧ માંથી મળેલ છે. આજે નોંધાયેલા ૪ કેસમાં ૩ મહિલા દર્દી છે. શહેરમાં મહિલા દર્દીઓની સંખ્યા વધી રહી હોવાથી તંત્રની ચિંતા વધી છે.

મળતી વિગતો પ્રમાણે સરગાસણમાંથી એક ૪૫ વર્ષીય મહિલા અને એક ૬૨ વર્ષીય મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. સુઘડ ગામે ૧૭ વર્ષીય દિકરીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. જ્યારે સે. ૧ માં ૪૪ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

આજે નોંધાયેલા ૪ દર્દીઓએ કોરોનાના હળવા લક્ષણો હોવાથી હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે જે તંત્રએ મંજૂર રાખેલ છે.

શહેર-જિલ્લામાં મોટાભાગના દર્દીઓ હોમ આઈસોલેશનમાં સારવાર હેઠળ હોવાથી તંત્રએ હોમ આઈસોલેશનના નિયમોની અમલવારી અસરકારક રીતે થાય તે જોવા તાકીદ કરી છે.

શહેર-જિલ્લામાં જાહેર સ્થાનો પર સોશ્યલ ડિસ્ટન્સીંગ જળવાઈ રહે તે જોવા તેમજ શંકાસ્પદ કેસોનું ટેસ્ટીંગ કરવા માટેની સૂચનાઓ પણ આપવામાં આવી છે.ગાંધીનગર શહેરમાં એક્ટીવ કેસની સંખ્યા ૪૦ પર પહોંચી છે. તંત્રએ અત્યાર સુધીમાં ૧૬૦ થી વધુ લોકોને હોમ આઈસોલેટ કર્યા છે.

### શહેરમાં કોરોનાનું લોકલ ટ્રાન્સમિશન શરૂ થયાની શંકા

ગાંધીનગર, તા. ૯

ગાંધીનગર શહેરમાં જે રીતે કોરોનાના કેસો મળી રહ્યા છે તેથી કોરોનાના સંક્રમણને લઈ લોકલ ટ્રાન્સમિશન શરૂ થઈ ગયાની શંકા સેવવામાં આવી રહી છે.

શહેરમાં આજે નોંધાયેલા ૪ કેસમાં એક પણ દર્દી ટ્રાવેલ હિસ્ટ્રી ધરાવતો નથી તેમજ ત્રીજી અને બીજી લ્હેરમાં સંવેદનશીલ બનેલા વિસ્તારોમાંથી કેસો મળી આવ્યા છે.

શહેરમાં જાહેર સ્થાનો પર સોશ્યલ ડિસ્ટન્સીંગ ન જળવાતુ હોવાની તેમજ કોરોનાની ગાઈડલાઈનનો પણ ચુસ્તતાથી અમલ થઈ રહ્યો નથી. અમદાવાદ શહેરમાં કેસો વધી રહ્યા છે અને સાથે સાથે ગાંધીનગર અને અમદાવાદ એ ટ્વીન સીટી તરીકે વિકાસ પામી રહ્યા હોવાથી તંત્રની ચિંતા વધી છે.

ગાંધીનગર શહેરમાં ટેસ્ટીંગના પ્રમાણમાં પણ વધારો કરવામાં આવ્યો હોવાનું તંત્રના સૂત્રોમાંથી જાણવા મળ્યુ છે. શહેરમાં છેલ્લા બે મહિનામાં જ ૧૩૫ જેટલા કેસ નોંધાયા છે.



‘‘ચોમાસુ ક્યાંક આસપાસ છે...’’ આકાશમાં વાદળો દોડાદોડ કરે છે, જાણે સૂરજ સાથે સંતાકુકડી રમતા હોય એવુ લાગે... વહેલી સવારે અને મોડી સાંજે વાદળોની અવરજવર વધી જાય છે. કાળઝાળ ગરમી અને બફારો સહન કરી રહેલા વસાહતીઓ વાદળો જોઈને સાંત્વના મેળવે છે કે હવે ગરમીના દિવસો પુરા... ચોમાસુ ઢુકડુ જ છે.

# સરગાસણ પાણી શુધ્ધિકરણ પ્લાન્ટની લાઈનમાં ભંગાણ નિવારવા માટે ટુંકમાં કામ શરૂ કરાશે

## નગરની હરિયાળીને બરકરાર રાખવા માટે પ્લાન્ટના આધારે પાણી સપ્લાય કરવામાં આવતુ હતુ : લાઇનમાં ગાબડા પડતા સપ્લાય બંધ : બે મહીનામાં કામ પુર્ણ કરાતા સ્વર્ણિમ પાર્ક સહીતના ઉદ્યાનોમાં પાણીનો સપ્લાય મળશે

ગાંધીનગર તા ૯

સરગાસણ સ્થિત પાણી શુધ્ધિકરણ પ્લાન્ટની લાઈનમાં ઠેર ઠેર ભંગાણ થયુ છે. જેના લીધે હાલ પ્લાન્ટના આધારે પાણી શુધ્ધ કરીને નગરના ઉદ્યાનોને સપ્લાય આપવાની કામગીરી ખોરંભે પડી છે. સરગાસણ પ્લાન્ટ પાસે અને ઘ-૪ પાસે અને સે-૫ માં એમ કુલ ત્રણ ઠેકાણે લાઈનમાં ગાબડા પડ્યા છે. આ ઉપરાંત ખ માર્ગ પર પણ વાલ્વ બદલવાની અનિવાર્યતા છે. જયારે આ કામગીરીને અનુલક્ષી ટેન્ડર પ્રક્રીયા હાથ ધરવામાં આવી છે. આગામી સપ્તાહમાં કામ શરૂ થઈ જશે જેના અંતે ઉદ્યાનોને પ્લાન્ટના આધારે ફરી સપ્લાય આપી શકાશે.

શહેરમાં એકબાજુ ૨૪ કલાક પાણી સપ્લાય કરવા માટે સેકટરોમાં નવી લાઈન નાંખવાની કામગીરી હાથ ધરવામાં આવી છે. જેના લીધે હાલ સેકટરોમાં ઠેર ઠેર ખોદકામ કરવામાં આવી રહ્યુ છે આ ઉપરાંત દાયકાઓ જુની ગટર લાઈન પણ બદલવામાં આવી રહી છે. જેથી આગામી બે વર્ષમાં પાણી ગટરની સમસ્યામાંથી નગરજનોને છુટકારો મળશે તેવી આશ પણ બંધાઈ છે. ગાંધીનગરમાં પ્રતિદિન ૬૦ થી ૬૫ એમ એલ ડી પાણી સપ્લાય કરવામાં આવે છે. જેના લીધે સેકટરવાસીઓની પાણીની જરૂરિયાત સંતોષાય છે. જયારે સેકટરોમાં પાણી સપ્લાય કરવા સહીત નગરની હરિયાળી બરકરાર રાખવા માટે પણ પુરતુ પાણી સપ્લાય કરવાનુ અનિવાર્ય છે. પરંતુ પીવાના પાણીમાંથી ઉદ્યાનોને પાણી સપ્લાય કરવાનુ તંત્ર માટે ખર્ચાળ પુરવાર થયુ છે. જેને અનુલક્ષી એક દાયકા અગાઉ સરગાસણ ખાતે પાણી શુધ્ધિકરણનો પ્લાન્ટ તૈયાર કરાયો હતો જયારે આ પ્લાન્ટના આધારે ગટરનુ પાણી શુધ્ધ કરી ઉદ્યાનોને સપ્લાય કરવા માટેની યોજના હાથ ધરવામાં આવી હતી. પરંતુ છેલ્લા ઘણાં સમયથી આ પ્લાન્ટ બંધ હાલતમાં છે. અલબત્ત તેના આધારે નગરની હરિયાળીને પાણી સપ્લાય કરવામાં આવતુ નથી આ સુવિધાના આધારે શહેરના હાર્દસમા વિસ્તારમાં સ્થિત સ્વર્ણિમ પાર્ક તેમજ બાલોદ્યાન સહીતના બગીચાઓને પાણી સપ્લાય કરવા માટે લાઈન પણ નાંખવામાં આવી છે. પરંતુ છેલ્લા કેટલાક સમયથી આ પ્લાન્ટ પાસે પણ લાઈનમાં ગાબડુ પડયુ છે. આ ઉપરાંત ખ માર્ગ પર વાલ્વ બદલવાની અનિવાર્યતા છે. જયારે સે-૫ જી એસ પી સી ના પમ્પ પાસે પણ લાઈન તુટી છે. જયારે ઘ - ૪ અન્ડર પાસે પણ લાઈનમાં ભંગાણ

● અનુસંધાન પાન-૭ પર

# ગાંધીનગરમાં રવિવારે અમિત શાહના હસ્તે ૧૯૮ કરોડના કામોનું લોકાર્પણ

ગાંધીનગર, તા. ૯

કેન્દ્રના ગૃહમંત્રી અને ગાંધીનગરના સાંસદ અમીત શાહ ૧૨મીએ ગાંધીનગરની મુલાકાતે આવી રહ્યા છે. તેઓ તેમના આ પ્રવાસ દરમ્યાન ગાંધીનગર મનપાના અને ગુડા દ્વારા યોજાનાર ખાતમુહૂર્ત તથા લોકાર્પણના કાર્યક્રમોમાં હાજરી આપશે.

મળતી વિગતો પ્રમાણે તેઓ શહેરમાં સે. ૫, ૧૬ અને ૨૩ના બગીચાઓના નવીનીકરણનો પ્રારંભ કરાવશે. રૂ. ૪.૫૫ કરોડના ખર્ચે આ બગીચાઓનું નવીનીકરણ કરવામાં આવનાર છે.

આ ઉપરાંત ગુડા દ્વારા કુડાસણ, ચિલોડા, રાયસણ અને અડાલજ ખાતે રૂ. ૧૩.૧૮ કરોડના ખર્ચે બનાવવામાં આવેલ ૧૩૫ જેટલા મકાનોનો ડ્રો પણ તેમના હસ્તે કરવામાં આવશે.

કેન્દ્રીય ગૃહમંત્રી દ્વારા ગુડાના નવા બનેલ ગુડાભવન, એમ.આઈ.જી. ફ્લેટ જે કુડાસણ ખાતે તૈયાર થયા છે તેમજ વોટર ડીસ્ટ્રીબ્યુશન સિસ્ટમનું સ્ટેશન અડાલજ ખાતે તૈયાર કરવામાં આવેલ છે તેના તેમજ વાવોલ બાયપાસ આર.સી.સી. રોડ જે બધા કામો મળીને રૂ. ૮૧.૪૪

● અનુસંધાન પાન-૭ પર

## ગેરકાયદે ખાતર વેચનાર ઉપર સરકારની તવાઈ

ગાંધીનગર, તા.૯

કૃષિ મંત્રી રાઘવજી પટેલે જણાવ્યુ છે કે, ખેતી માટેના સબસીડાઈઝ યુરિયા ખાતરનો અનઅધિકૃત ઔદ્યોગિક વપરાશ અટકાવવા રાજ્ય સરકાર કટિબદ્ધ છે. ખેતી માટેના સબસીડાઈઝ યુરિયા ખાતરનો અનઅધિકૃત રીતે ઔદ્યોગિક વપરાશ અટકાવવા રાજય સરકાર દ્વારા ખાસ ઝુંબેશ હાથ ધરવામાં આવી છે.

ગુજરાત રાજ્ય યોગ બોર્ડ

રમતગમત યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિ વિભાગ અંતર્ગત

નિઃશુલ્ક યોગ શિબિર

યોગથી થતા ફાયદા

- માનસિક તણાવથી મુક્તિ અપાવે છે અને યાદશક્તિ વધારે છે.
- મોટાપો ઘટે છે, ફિટનેસ અને ફિગર મળે છે.
- સમસ્ત રોગો અને દુઃખની સમાપ્તિ, સ્વાસ્થય અને સુખની પ્રાપ્તિ.
- વ્યાયામથી તન, પ્રાણાયમથી મન તથા ધ્યાનથી જ્ઞાન સુદ્રઢ થાય છે.
- માંસપેશીઓની સ્ટીફનેસ દૂર થાય છે અને શરીર ફલેક્સીબલ થાય છે.
- શારીરિક અને માનસિક રોગપ્રતિકારક શક્તિ વધે છે.

: તારીખ : ૧૧ જૂન, ૨૦૨૨

: સમય : સવારે ૬ થી ૮

: સ્થળ : ઓમકારેશ્વર મહાદેવ, સેક્ટર-૪, ગાંધીનગર

ટીમલીડર : આશા મહેતા, સે.-૪, મો. ૯૮૨૪૨૪૮૮૦૯૬

સંપૂર્ણ ટ્રેનિંગ નિઃશુલ્ક રહેશે. ટ્રેનિંગના અંતે યોગ ટ્રેનરને ગુજરાત રાજ્ય યોગબોર્ડ દ્વારા પ્રમાણિત સર્ટિફિકેટ આપવામાં આવશે.

યોગ ટ્રેનર બનવાનો સુવર્ણ અવસર

તાલીમ માટે નીચે આપેલ નંબર પર સંપર્ક કરો.

મો. ૮૨૦૦૦૮૧૬૦૪

યોગ કોચ કોર્ડીનેટર : ભાવના જોષી

તા.૧૦મી જુન, સાંજે ૫ કલાકે સે.૪માં ઓમકારેશ્વર મહાદેવ ખાતેથી "યોગ જાગરણ રેલી" યોજાશે જેમાં જોડાઇને દરેક યોગપ્રેમીએ સહયોગ આપવા વિનંતી

## માણસા ન.પા. માટે ૩૫.૮૪ લાખના કામો મંજૂર કરતા મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ

ગાંધીનગર, તા. ૯

રાજયના મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલે આજે માણસા શહેરમાં મુખ્યમંત્રી સ્વર્ણિમ જયંતિ યોજનામાંથી રૂ. ૩૫.૮૪ હજારના કામોને મંજૂરી આપી છે.

મુખ્યમંત્રીએ માણસા નગરપાલિકાને ખાનગી સોસાયટીઓમાં જનભાગીદારીથી પેવર બ્લોક અને સી.સી. રોડના ૧૧ જેટલા કામો આજે મુખ્યમંત્રી સ્વર્ણિમ જયંતિ યોજનામાંથી મંજૂર કર્યા છે. આ માટે રૂ. ૩૫ લાખ ૮૪ હજારનો ખર્ચ થશે.

મુખ્યમંત્રી સમક્ષ આ કામોની સૈદ્ધાંતિક મંજૂરી માટેની દરખાસ્તો ગુજરાત અર્બન ડેવલપમેન્ટ કંપની લિ., મ્યુનિ. ફાયનાન્સ બોર્ડ અને શહેરી વિકાસ વિભાગ દ્વારા રજુ થઈ હતી.

જૂનાગઢ, જામનગર, શિહોર તેમજ માણસા નગરોમાં મુખ્યમંત્રી શહેરી સડક યોજનાના કામો-આંતર માળખાકીય કામો હાથ ધરવામાં આવનાર છે.

# કેપટિલ સ્ટેશન પર સેકટરોમાં જવા માટે બસ સુવિધાનો અભાવ

## રેલ મુસાફરો પરેશાન : કેપિટલ સ્ટેશનના વિકાસ પાછળ કરોડો રૂપિયાનો ખર્ચ કરાયો પરંતુ સ્ટેશન પર બસ સુવિધા ન હોવાથી મુસાફરોને હાલાકી : મુંબઇ , હરિદ્વાર ઇન્દોર સહીતની ટ્રેઇનમાં આવતા મુસાફરો માટે સેકટર સુધી પહોંચવુ મુશ્કેલ : શહેર વસાહત મહામંડળે મહાનગરપાલિકાને પત્ર લખી રજુઆત કરી

ગાંધીનગર તા ૯

ગાંધીનગર કેપિટલ સ્ટેશનના વિકાસ પાછળ કરોડો રૂપિયાનો ખર્ચ કરાયો છે. સ્ટેશનના વિકાસની સાથે વિવિધ રૂટની મહત્વની ટ્રેઈન સેવા પણ શરૂ થઈ ગઈ છે. પરંતુ ટ્રેઈનમાં કેપિટલ સ્ટેશન પર આવતા મુસાફરોને શહેરના સેકટરો સુધી જવા માટે કે સ્ટેશન આવવા માટે બસ સેવા મળતી નથી જેના લીધે રેલ યાત્રિકોએ વર્ષો પહેલા જે દુવિધાઓમાંથી પસાર થવુ પડતુ હતુ તે આજે પણ વેઠવી પડે છે. સ્ટેશન વિસ્તારમાં મહત્વની ટ્રેઈનને અનુલક્ષી બસની સુવિધા શરૂ કરવા માટે પણ પ્રબળ રજુઆત કરવામાં આવી છે.

ગાંધીનગર કેપિટલ સ્ટેશનના વિકાસ પાછળ કરોડો રૂપિયાનો ખર્ચ કરાયો છે. જયારે સ્ટેશનના વિસ્તારમાં હાઈફાઈ હોટલનુ પણ નિર્માણ કરવામાં આવ્યુ છે. એક જમાનામાં હાંસિયામાં ધકેલાયા સ્ટેશન વિસ્તારની રોનક નિખરી છે. જયારે ગાંધીનગર રેલવે સ્ટેશન પરથી હરિદ્વાર તેમજ ઈન્દોર મંબઈના રૂટની ટ્રેઈનો પણ દોડી રહી છે. જેના લીધે હવે સ્ટેશન પર મુસાફરોનો ધમધમાટ જોવા મળે છે. સ્ટેશન વિસ્તારમાં અવરજવર કરતા મુસાફરોની સંખ્યા વિશેષ હોય છે. પરંતુ સ્ટેશનથી સેકટરોમાં જવા માટે કોઈ વાહન સુવિધા નથી ઘરેથી સ્ટેશન કે સ્ટેશનથી સેકટરમાં જવા માટે કોઈ વાહન સુવિધા ન હોવાના લીધે નગરમાંથી તેમજ બહારગામથી આવતા મુલાકાતીઓને સ્ટેશન વિસ્તારમાંથી શહેર તરફ અવરજવર કરવામાં ખુબ જ હાલાકી વેઠવી પડે છે. જયારે સ્ટેશનથી રીક્ષા સવારી કરવામાં પણ તગડુ ભાડુ ચુકવવુ પડે છે. શહેર વસાહત મહામંડળના પ્રમુખ અરૂણ બુચના જણાંવ્યા મુજબ મહત્વની ટ્રેઈનોની અવરજવર હોય તેવા સમયે સ્ટેશન વિસ્તારમાંથી બસ સુવિધા મળી રહે તે માટે પણ યોગ્ય આયોજન કરવુ જોઈએ. સીટી બસના રૂટમાં પણ ટ્રેઈનના સમય મુજબ યોગ્ય બસ સેવા ગોઠવાય તે મામલે પણ શહેર વસાહત મહામંડળના પ્રમુખે મહાનગરપાલિકાના તંત્રને રજુઆત કરી છે. આ ઉપરાંત રીક્ષા ચાલકોને પણ વ્યાજબી ભાડુ વસુલી મુસાફરોને સેકટરોમાં પહોંચાડવા માટે પણ અપીલ કરવામાં આવી છે. શહેર વસાહત મહામંડળના પ્રદિપ સોલંકી, મયુર

● અનુસંધાન પાન-૭ પર

# સે-૨૧ ક્રિકેટ સ્ટેડિયમને અનુલક્ષી બીજા તબક્કાનુ કામ હવે શરૂ કરાશે

## નવુ પાર્કીંગ પણ તૈયાર કરાશે : પાર્કીંગ માટે વધુ જગ્યા ફાળવવા માટે પણ માર્ગ મકાન વિભાગે પત્ર લખ્યો : પીચ તૈયાર કરાયા બાદ સાઉથ અને નોર્થ બ્લોક તેમજ પ્રેક્ષક ગેલેરીની બેઠક વ્યવસ્થા પણ કરાશે

ગાંધીનગર તા ૯

ગાંધીનગરમાં સે-૨૧ ખાતે ક્રિકેટ સ્ટેડિયમના નવિનીકરણનુ કામ હાથ ધરવામાં આવ્યુ છે. સ્ટેડિયમને અનુલક્ષી પ્રથમ તબક્કાની કામગીરી પુર્ણ કરી દેવામાં આવી છે. જયારે હવે બીજા તબક્કાનુ કામ પણ હાથ ધરવામાં આવનાર છે. જેમાં સાઉથ અને નોર્થ બ્લોકની વ્યવસ્થા સહીત સ્ટડિયમની બેઠક વ્યવસ્થા પણ તૈયાર કરવામાં આવશે. ક્રિકેટ મેદાનને અનુલક્ષી પીચ પણ તૈયાર કરવામાં આવી છે. જયારે સ્ડેડિયમને ધ્યાનમાં રાખી પાર્કીંગ સહીતની આનુસંગિક સુવિધાઓ ઉભી કરવા માટે પણ બીજા તબક્કાની કામગીરી હાથ ધરવામાં આવશે પાર્કીંગ ઉભુ કરવા માટે માર્ગ મકાન વિભાગે નજીકમાં થોડી વધુ જગ્યા ફાળવવા માટે પણ દરખાસ્ત કરી છે.

ગાંધીનગરમાં સે-૨૧ જીમખાના સ્ટેડિયમના નવિનીકરણની યોજના હાથ ધરવામાં આવી છે. ક્રીકેટ મેદાનને અનુલક્ષી આંતરરાષ્ટ્રીય કક્ષાની પીચ તૈયાર કરવામાં આવી છે. જયારે પીચ તૈયાર કરવા માટે દેશના પીચ નિષ્ણાંતોનો પણ મત લેવાયો હતો. જયારે સ્ટેડિયમના નવિનીકરણની યોજના અન્વયે પ્રથમ તબક્કાનુ કામ પુર્ણ કરી દેવાયા બાદ હવે બીજા તબક્કાની કામગીરીને અનુલક્ષી જરૂરી આયોજન કરવામાં આવી રહ્યુ છે. જેમાં સ્ટેડિયમમાં નોર્થ અને સાઉથ બ્લોકની વ્યવસ્થા કરવામાં આવશે સ્ટેડિયમમાં ખેલાડીઓ માટે ગ્રીન રૂમ ઉપરાંત પ્રેક્ષક ગેલેરીને ધ્યાનમાં રાખી બેઠક વ્યવસ્થા ટોઈલેટ બ્લોક સહીતની સુવિધાઓ ઉભી કરવામાં આવી રહી છે. સ્ટેડિયમને અનુલક્ષી કરોડો રૂપિયાનો ખર્ચ નિયત કરાયો છે. જયારે પ્રથમ તબક્કાની કામગીરીના અંતે બીજા તબક્કામાં

● અનુસંધાન પાન-૭ પર

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com